# Sample Paper -2014
# CLASS : X
# Subject-Gujarati
## By Didar Hemani

**TIME: 3 HOURS** **MAX. MARKS: 90**

***General Instructions :***

*(i) The question paper is divided in to four sections*

| | | |
|---|---|---|
| *Section : A :* | *Reading Comprehension* | *15 Marks* |
| *Section : B :* | *Writing* | *10 Marks* |
| *Section : C :* | *Grammar* | *20 Marks* |
| *Section : D :* | *Literature(Text Book)* | *45 Marks* |
| | | ***Total Marks 90*** |

*(ii) All questions are compulsory*

*(iii) Marks are indicated against each question*

**Section : A : Reading Comprehension(15 Marks)**

1. (અ) નીચનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબનો વિકલ્પ શોધી સાચો જવાબ લખો. 10

મધ્યકાળમાં સાહિત્યનો કેન્દ્રસ્થ વિષય એક જ હતો અને તે ધર્મ. ધર્મપરાયણતા તે સમયના સમાજમાં બાહ્યાભ્યંતર વ્યાપેલી હતી. ધર્મશ્રદ્ધા પર તે સમયનો સમાજ ટકેલો હતો. તેથી ભક્તિ, જ્ઞાન તેમ જ વૈરાગ્યનું ગાન તે સમયના સાહિત્યમાં પ્રધાન સૂરરૂપે જોવા મળતું હોય તો તે સ્વાભાવિક છે. અલબત કેટલુંક સાહિત્ય જરૂર વાસ્તવનું નિરૂપણ કરી તેમાં સમાજાભિમુખતા લાવવા મથામણ કરતું ખરું. પરંતુ તેવું સાહિત્ય અલ્પ પ્રમાણમાં છે. સાહિત્યસર્જનમાં સમાજ–માનવી કે ન્દ્રસ્થાને તો અર્વાચીન સમયના સાહિત્યમાં જ આવ્યા. માનવીય ભાવો જેવા કે પ્રેમ, વેદના, દેશપ્રેમ વગેરે સ્વતંત્ર સાહિત્યવિષયો બનવા લાગ્યા. વ્યવહાર પરાયણતા, માનવતા, વિશ્વજનીનતા ઈત્યાદિ પણ નિરૂપણ પામવા લાગ્યા. અર્વાચીન સાહિત્યનું જગત વિશાળ બન્યું. એની ક્ષિતિજો વિસ્તરી. મધ્યકાળના સાહિત્યની બહુધા મર્યાદિત રસવાળી સૃષ્ટીને બદલે અર્વાચીન સાહિત્યમાં નવરસરુચિરા સૃષ્ટિનો સ્પષ્ટ અનુભવ થાય છે. વિષય અને ભાવનું આવું વૈવિધ્ય મધ્યકાળના સાહિત્યમાં આટલા બધા પ્રમાણમાં તો નિ:શક ન હતું.

પ્રશ્નો :

(૧) મધ્યકાળમાં સાહિત્યનો કેન્દ્રસ્થ વિષય કયો હતો ?

(અ)અધર્મ

(બ)કર્મ

(ક)ધર્મ

(૨) મધ્યકાળમાં સમાજમાં બાહ્યાભ્યંતર શું વ્યાપેલું હતું ?

(અ)અંધશ્રદ્ધા

(બ) ધર્મપરાયણતા

(ક)અવિશ્વાસ

(૩) મધ્યકાળમાં સમાજ શાના પર ટકેલો હતો ?

(અ) ધર્મશ્રદ્ધા

(બ)પૈસા

(ક)કેળવણી

(૪) મધ્યકાળ સાહિત્યમાં પ્રધાન સૂરરૂપે શું જોવા મળતું ?

(અ) ભકિત, જ્ઞાન તેમ જ વૈરાગ્યનો અભ્યાસ

(બ) ભકિત, જ્ઞાન તેમ જ વૈરાગ્યનું ગાન

(ક) ભકિત, જ્ઞાન તેમ જ વૈરાગ્યનો સંદેશ

(૫) કેટલુંક સાહિત્ય શું લાવવાની મથામણ કરતું ?

(અ) સમાજાભિમુખતા

(બ)નવા લેખકો

(ક)નવા કવિઓ

(૬) કયા સમયના સાહિત્યસર્જનમાં સમાજ અને માનવી કેન્દ્રસ્થાને આવ્યા ?

(અ)પ્રાચીન

(બ)મધ્યકાળ

(ક) અર્વાચીન

(૭) આ ગદ્યખંડમાં કયા માનવીય ભાવોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ?

(અ) પ્રેમ, વેદના, દેશપ્રેમ

(બ)ગુસ્સો, ધૃણા, આક્રોશ

(ક)ખુશી, આનંદ, ઉત્સાહ

(૮) વ્યવહાર પરાયણતા, માનવતા, વિશ્વજનીનતા ઈત્યાદિ વિષે આ ગદ્યખંડમાં શું કહેવામાં આવ્યુ છે ?

(અ)અસ્તિત્વમાં ન હતા.

(બ)નાબુદ થવા લાગ્યા.

(ક)નિરૂપણ પામવા લાગ્યા.

(૯) અર્વાચીન સાહિત્યનું જગત કેવું બન્યું. ?

(અ)નિસ્તેજ

(બ)વિશાળ

(ક)નકામુ

(૧૦) તમારા મત મુજબ આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક શું આપી શકાય ?

(અ)પ્રાચીન યુગનું સાહિત્ય

(બ)અર્વાચીન યુગનું સાહિત્ય

(ક)મધ્યકાળનું સાહિત્ય

(બ) નીચેની કવિતા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબનો વિકલ્પ શોધી સાચો જવાબ લખો. 05

કાશીધામ પૂરું કરી, લઇ ગંગાજળ
રામેશ્વર ચઢાવવા ચાલિયા સફળ,
અંગારા વરસાવતો આકરો ઉનાળો;
ધૂળ ધખધખ કરે, ધરા કાઢે ઝાળો.
હરિનામ ઘોષ સાથે સંઘ ચાલ્યો જાય;
ત્યાં ધખેલી ધૂળમાં કો’ ગદર્ભ દેખાય
તરસ્યે તરફડતો, રોકી પથ – પાટી
પડેલો, જીભડી બ્હાર આંખો જતી ફાટી
હરિજનો કરુણાથી બોલી ‘હરિ હરિ’
ચાલવા માંડયા અગાડી સ્થળ પરહરી
ગધેડાની દશા જોઈ દુઃખી એક જન
ઊભો રહ્યો, પાસે ગયો પીગળેલે મન.
મરતાનું માથું ખોળે લઇ લીધું તહીં,

ગંગાજળ ખાલી કરી દીધું મુખ મહી.
અમી – જળે આય આવી, ખર ઊભો થયો,
આંખથી આશિષ મૂગી આપી ચાલ્યો ગયો.
યાત્રાળુઓ જોઈને આ મૂર્ખતાનું કામ,
ઠેકડી કરવા મંડયા વ્યંગમાં તમામ.
એક ડાહ્યો આવી બોલ્યો, "મૂર્ખ ! ગંગાજળ
વેડફી માર્યુ તેં, ફેરો તારો આ અફળ !
હવે રામેશ્વર જઈ શાનો અભિષેક
કરીશ ? ગધેડા જેવું કર્યુ તેં તો છેક !
ગદર્ભનો પ્રાણદાતા વદ્યો જોડી કર,
"નેત્રજળે નવડાવીશ  રામેશ્વર."

પ્રશ્નો :

(૧) યાત્રીઓ કાશીથી ગંગાજળ કયા લઈ જતા હતા ?

(અ) બીલેશ્વર

(બ) શંખેશ્વર

(ક) રામેશ્વર

(૨) યાત્રીઓએ ગધેડાને જોયો ત્યારે તેની હાલત કેવી હતી ?

(અ)ભૂખ લાગવાથી તરફડતો હતો.

(બ)તરસ લાગવાથી તરફડતો હતો.

(ક)ઊંઘ ન આવવાથી તરફડતો હતો.

(૩) ગધેડાના પ્રાણ બચાવવા એક યાત્રીએ શું કર્યુ ?

(અ)તેના મોંમા ગંગાજળ ખાલી કરી દીધું.

(બ)તેને દવા પીવડાવી.

(ક)તેને દવાખાને પહોંચાડયો.

(૪) આ કાવ્યમાં ગધેડા માટે બીજા કયા બે શબ્દો વાપરવામાં આવ્યા છે ?

(અ)વૃષભ અને મૂષક

(બ)ગદર્ભ અને ખર

(ક)શ્વાન અને અશ્વ

(૫) એક ડાહ્યો માણસ શું બોલ્યો ?

(અ)"ગંગાજળ વેડફી માર્યુ."

(બ)"ગંગાજળ પાવન જળ છે."

(ક)"ગંગાજળ અમૃત છે."

## Section : B : Writing (10 Marks)

2. (અ) નીચેનામાંથી કોઈ પણ એક વિષે આશરે ૧૦૦ શબ્દોમાં એક પરિચ્છેદ લખો. 05

(૧) મોંઘવારી અને સંઘરાખોરો

(૨) ભ્રષ્ટાચારના રાક્ષસને ભગાડવો હોય તો...

(૩) સમયનો સદ્ઉપયોગ

(૪) પરશ્રિમ એ જ પારસમણિ

(બ) પરીક્ષાના ભયથી મુકત થવા પ્રોત્સાહન આપતો પત્ર તમારી નાની બહેનને લખો. 05

**અથવા**

ધ્વનિ – પ્રદૂષણ અટકાવવા માટે યોગ્ય પગલાં લેવાનો વિનંતી – પત્ર મ્યુનિસિપલ કમિશ્નરને લખો.

## Section : C : Grammar (20 Marks)

3. (અ) કૌંસમાં માગ્યા પ્રમાણે જબાબ લખો. 03

(૧) સાંજ પડતાં **<u>ચૂલે</u>** ખીચડી મૂકી દેતો.( રેખાંકિત અનુગને સ્થાને નામયોગીઓ વાપરી વાકય ફરીથી લખો)

(૨) એના **<u>માથે</u>** સફેદ પાટો બાંધ્યો.( રેખાંકિત અનુગને સ્થાને નામયોગીઓ વાપરી વાકય ફરીથી લખો)

(૩) ભોંયરાની અંદર પાણી ભરાયા.(નામયોગી શોધો)

(બ) વચન બદલો 03

(૧) નળિયું ખસી ગયુ હતું.

(૨) મારી બહેન બહું સુંદર છે.

(૩) અહિંથી ઘણાં રસ્તા ફંટાય છે.

(ક) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ લખી વાકયમાં પ્રયોગ કરો. 03

(૧) ઓછું આવવું

(૨) રોષે ભરાવું

(૩) ટીકીટીકીને જોવું

(ડ) નીચેના વાકયો સુધારીને લખો. 03

(૧) તેને વાંચવાનું ગમતુ નથી છે.

(૨) તે અહિં આવી શકયો ન હતી.

(૩) મે તમારી વાત આંભવી.

(ઇ) નીચેની કહેવતોના અર્થ સમજાવો. 03

(૧) મોલ કરો તલવાર કા પડા રહેન દો મ્યાન.

(૨) પાકા ઘડે કાંઠા ન ચડે.

(૩) મન હોય તો માળવે જવાય

(ઈ) કૌંસમાં માગ્યા પ્રમાણે જબાબ લખો. 03

(૧) યોગેશ (સંધિ છોડો)

(૨) હિમાચ્છાદિત(સંધિ છોડો)

(૩) મહા + ઈશ(સંધિ કરો)

(ઉ) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 02

(૧) સોદાના સાટા પેટે અગાઉથી અપાયેલું નાણું

(૨) ઘોડાના પગે જડવામાં આવતી લોખંડની જાડી પટ્ટી

**Section : D : Literature Text Book (45 Marks)**

4. (અ) તમારા પાઠયપુસ્તકમાંથી લેવાયેલો નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. 05

રજવાડી હવેલીમાંથી મારા ગરીબખાનામાં ભૂલી પડેલી હાંડી તેના સમયની જાહોજહાલી યાદ કરતી હતી અને તેની આ દુર્દશા પર રોતી હતી. તેના તરફ ધ્યાન ગયું. હાંડીને જીવની જેમ જાળવીને ઉતારી. ‘આ તો મન મોતીને કાચ.’ હળવેકથી રસોડાના પ્લેટફોર્મ પર લીધી. સાબુના પાણીનો હળવો હાથ ફેરવી ધોઇ. ભીની હાંડી જાણે ચોખ્ખા બરફની બની હોય અને ઓગળીને ટપકતી હોય તેવું લાગ્યું. પ્લેટફોર્મ પર બેચાર કપરકાબી પણ પડયાં હતાં તેને સાફ કરી રસોડાના પ્લેટફોર્મ પર

ગોઠવ્યાં. કાચનો ગ્લાસ લીધો. સાબુથી સાફ થઈ, પાણીથી ધોવાતો ગ્લાસ મરા હાથમાં ધોવાતાં ધોવાતાં ચૂં ચૂં કરી ગેલ કરવા લાગ્યો. આ દુનિયામાં જો સહુથી સુંદર કોઇ ચીજ હોય તો તે છે ભીનો સ્વચ્છ પારદર્શક કાચ. નજર ત્યાં ને ત્યાં જ ખોડાઈ ગઈ.

પ્રશ્નો :

(૧) કયાંથી ભૂલી પડેલી હાંડી શું યાદ કરતી હતી ?

(૨) લેખકે હાંડીને કેવી રીતે ઉતારી ?

(૩) 'આ તો મન મોતીને કાચ.' વિધાન સમજાવો.

(૪) હાંડી સાફ કર્યા પછી લેખકે શું સાફ કર્યુ ?

(૫) લેખકના મતે સહુથી સુંદર ચીજ કઇ છે ?

(બ) નીચેના વિધાનો માટે કારણો આપો.(કોઈ પણ બે) 04

(૧) ભેટ સ્વીકારવા ગાંધીજીનું મન માનતું ન હતું કારણ કે...

(૨) દક્ષાને રમણ પર રોષ ચડતો હતો કારણ કે...

(૩) નાનાભાઈએ ગૃહપતિને ઠપકો આપ્યો કારણ કે...

(૪) લેખકે રવિવારે આરામ ન કર્યો કારણ કે...

(ક) માત્ર એક વાકયમાં જવાબ લખો.(કોઈ પણ પાંચ) 05

(૧) ગાંધીજીને દેશગમનનો આગ્રહ કોણે કર્યો ?

(૨) રમણનું પરાનું મકાન કેવું હતું ?

(૩) નાનાભાઈને ગાંધીજીએ કયા બે ધ્વજો પકડાવ્યા હતા ?

(૪) 'નાનાભાઈ' પાઠનો પ્રકાર જણાવો.

(૫) પ્રભાશંકરની પત્નીનું નામ શું હતું ?

(૬) 'દેશગમન' પાઠ કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે ?

5. (અ) ટૂંકમાં જવાબ લખો.(કોઈ પણ બે) 06

(૧) ભેટ સોગાદો સ્વીકારવા અંગે ગાંધીજીના બાળકોએ શો અભિપ્રાય આપ્યો ?

(૨) શૂળ જેવા ભોંકાતા વાંસડા રમણના આશ્વસનનું કારણ કયારે બન્યા ?

(૩) 'બાતે તિમિર ન ભાજઈ દીવા, બાતી તેલ'નો ભાવાર્થ સમજાવો.

(૪) 'ધરતીનો છેડો આવે તે ઘર' એવું લેખક યજ્ઞેશ દવેને કેમ લાગે છે ?

(બ) મુદ્દાસર જવાબ લખો. (કોઈ પણ એક) 04

(૧) નાનાભાઈનું શબ્દચિત્ર આલેખો.

(૨) દક્ષાએ ત્રીજા માળની ઓરડી કેમ પસંદ કરી ?

6. (અ) નીચે આપેલી કાવ્યપંકિતઓ વાંચીને પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. 05

લહર વમળને કહે, વમળ એ વાત સ્મરે સ્પંદનમાં
માધવ કયાંય નથી મધુવનમાં,
કોઈ ન માગે દાણ
કોઈની આણ ન વાટે ફરતી
હવે કોઈ લજ્જાથી હસતાં
રાવ કદી કયાં કરતી !

પ્રશ્નો :

(૧) આ કાવ્યપંકિત કયા કાવ્યમાંથી લેવામાં આવી છે અને તેના કવિ કોણ છે ?

(૨) વમળ કઈ વાત યાદ કરે છે ? કેવી રીતે ?

(૩) 'દાણ' એટલે શું ? ગોકુળમાં કોણ દાણ ઉઘરાવતુ હતું ?

(૪) 'આણ' એટલે શું ? મધુવનમાં કોની આણ વર્તાતી હતી ?

(૫) ગોકુળમાં હવે (જશોદામાતાને) કેમ કોઈ ફરિયાદ કરતું નથી ?

(બ) નીચે આપેલી કાવ્યપંકિતઓ સમજાવો. 04

(૧) લાંબો પંથ મૂકયો પાછળ ને
આગળ લાંબો પંથ;
મનખાંના મેળાનો વચમાં
બે ઘડીનો આનંદ;
જરા કેં રળતો જાઉ !

(૨) છલક છલક છલકાય
છતાં યે કદી શકી નવ ઢળી,
વૃંન્દાવનમાં,
વળી કોઈને કુરુક્ષેત્રમાં મળી,

7. (અ) બેત્રણ વાકયમાં જવાબ લખો.(કોઈ પણ ત્રણ) 06

(૧) 'છેલ્લું દર્શન' કાવ્યના કવિ આંસુ સારવાની કેમ ના પાડે છે ?

(૨) કવિ માનવજીવનની સફળતા શેમાં જૂએ છે ?

(૩) પ્રથમ દુહામાં કાજળ અને મોતીના દ્દષ્ટાંત દ્વારા શું સૂચવાયું છે ?

(૪) કવિએ 'એ લોકો'ને કોની સાથે સરખાવ્યા છે ?

(૫) જાતમહેનત વિશે મુકતક શું પ્રબોધે છે ?

(બ) નીચેના પ્રશ્નોના એક એક વાકયમાં જવાબ લખો.(કોઈ પણ છ) 06

(૧) અગ્નિની સાક્ષીએ કઈ કઈ ઘટના બની ?

(૨) ભમરો ગુંજન દ્વારા કઈ વાત વહેતી કરે છે ?

(૩) મનખાનો મેળો એટલે શું ?

(૪) 'માણસ' શબ્દપ્રયોગ કવિએ કોના માટે કર્યો છે ?

(૫) પલ મૃત્યુ પામેલાને કયાં તેડી જાય છે ?

(૬) કમળનું ઉદાહરણ શું સમજાવે છે ?

(૭) બીજા દુહામાં બગલા અને કાગડાના દ્દષ્ટાંત દ્વારા શું કહેવાયું છે ?

.........સમાપ્ત..........

*નોંધ : (૧) વિદ્યાર્થીઓ અને શિક્ષકો તરફથી પૂછપરછ અને સૂચનો આવકાર્ય.*

*(૨) એક અન્ય સેમ્પલ પેપર અને સેકસન 'સી'(વ્યાકરણ વિભાગ) માટેના નમુનાના પ્રશ્નો(જવાબ સાથે ) આ જ વેબ સાઈટ ઉપર અલગથી મુકવામાં આવ્યા છે.*

*–દિદાર હેમાણી*

*Contact : 09975 11297 Email IDs : hemanideedar3@gmail.com deedardilwala@yahoo.com*